અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ યોજનાનું નામાભિધાન " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના" રાખવા તેમજ આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.-૪૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૮/૦૪/૨૦૧૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

**ઠ રા વઃ-**

અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૪-૪-૨૦૧૧ ના ઠરાવથી માસીક રૂ. ૨૫૦/- સ્ટાઇપન્ડ ચુકવવા અંગેની યોજના અમલમાં છે તથા વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- છે. જેમાં વધારો કરવા અંગે ની બાબત સહિત આ યોજનાનું નામાભિધાન " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના" રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના આઇટીઆઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃતિ યોજનાનું નામ " સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના" રાખવામાં આવે છે અને હાલમાં સ્ટાઇપન્ડ પેટે માસિક રૂ. ૨૫૦/-જે ચુકવવામાં આવેછે તેના બદલે માસિક રૂ. ૪૦૦ કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. ૧૦૫.૦૦ લાખની કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને

વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) વર્ષ ૨૦૧૧-૧૨ની જોગવાઇ માંથી કોઇ નવી બાબત માટે ખર્ચ કરવાનો રહેશે નહીં સિવાય કે આ નવી બાબત માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવેલ હોય.

(૫) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૬) યોજનાની મૂળ તમામ શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૬) બીસીકે-૧૩ અનુજાતિ પેટા યોજના તકનિકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે રાજ્યની શિષ્યવૃત્તિઓ યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૧૭-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..

  સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

X-------X------X